GJBN020128682023

| | |
|---|---|
| દાખલ તારીખ | તા.૦૨/૦૮/૨૦૨૩ |
| રજીસ્ટર તારીખ | તા.૦૨/૦૮/૨૦૨૩ |
| ફેસલ તારીખ | તા.૨૭/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

=================================================================

**ભાવનગરના મહે. એડીશનલ જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી ની અદાલત સમક્ષ.**

=================================================================

ફોજદારી કેસ નં.૯૯૧૩/૨૦૨૩

આંક:–

**ફરીયાદી:–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપી:**– ગૌરીબેન ખોડીદાસભાઈ રાઠોડ
રહે.આડોડીયાવાસ, ભાવનગર.

**ગુન્હો: ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫–એફ. મુજબ...**

---

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એમ.ગામેતી
આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.યુ.હમીરાણી

---

**–: જ જ મે ન્ટ :–**

**(૧)..** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૬/૬/૨૦૨૩ ના રોજ આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામા દેશી દારુ ગાળવાનો

આથો લીટર–૧૦૫ ડબ્બા નંગ–૭ સહીત કુલ કિ.રૂા.૨૧૦/– નો મુદામાલ રાખી ગુન્હો કરેલ હોય. બનાવની વિગતે આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ એજન્સીએ આ કામના આરોપી સામે ગુનો નોંધી ત્યારબાદ આ કામના ત.ક. અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનુ ચાર્જશીટ ચીફ કોર્ટમાં દાખલ કરેલ. જે ચાર્જશીટ અત્રેની અદાલતમા ન્યાયીક કાર્યવાહી અર્થે ટ્રાન્સફર થઈ આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરુરી છે કે, ગુજરાત સરકારશ્રી દવારા તાજેતરમાં પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઈઓ તેમજ સજા સબંધી જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ હતો.

જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત દવારા ફોજદારી પરચુરણ અરજી નં. ૮૮૯૨/૨૦૧૮ તા.૦૫/૦૫/૨૦૧૮ દવારા આપવામાં આવેલ ચુકાદા મુજબ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના કેસો ચલાવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

**(૨)..** આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક–૪ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી આંક–૫ થી પ્લી રેકર્ડ કરતા, જવાબમાં તેઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)..** આ કામે ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરવા રજૂ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અનુ.નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ બટુકભાઈ દેવજીભાઈ મકવાણાની જુબાની | ૭ |
| ૨ | પંચસાહેદ ઉસ્માનભાઈ અબ્દુલ રહેમાનની જુબાની | ૯ |

| | | |
|---|---|---|
| ૩ | ફરિયાદી રાજદિપસિંહ ચંદુભા ગોહીલની જુબાની | ૧૦ |
| ૪ | ત.ક.અ.ડી.બી.લાધવાની જુબાની | ૧૨ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદની ખરી નકલ | ૧૧ |
| ૨ | પંચનામાની ખરી નકલ | ૮ |

(૪).. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ પોતાની સામેના પુરાવાઓનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનુ અને તેમની સામે ખોટી રીતે કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં રેકર્ડ મુજબની રજૂઆત હોવાનું જણાવે છે.

(૫).. આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-: મુદ્દાઓ :-

૧: શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, તા.૧૬/૬/૨૦૨૩ ના રોજ આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામા દેશી દારુ ગાળવાનો આથો લીટર-૧૦૫ ડબ્બા નંગ-૭ સહીત કુલ કિ.રૂા.૨૧૦/- નો મુદામાલ રાખી ગુન્હો કરી પ્રોહીબીશન એકટની કલમ-૬૫-એફ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨: શું હુકમ?

(૬).. ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧: નકારમાં

૨: આખરી હુકમ મુજબ

**-: કારણો :-**

<u>મુદ્દા નં.૧:-</u>

**(૭)..** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનુ તહોમત નિ:શંક પણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૮)..** ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૭ થી પંચસાહેદ બટુકભાઈ દેવજીભાઈ મકવાણાને તથા આંક-૯ થી પંચસાહેદ બટુકભાઈ દેવજીભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે. મજકુર પંચસાહેદની જુબાની જોતા, તેઓને પોલીસે બોલાવી એક તૈયાર લખાણમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી અને પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાનું જણાવી તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. તેમાં પંચ તરીકે તેઓની સહિ હોવાનું જણાવતા જે પંચનામું આંક -૮ થી રજૂ કરેલ છે. તેઓની હાજરીમાં પોલીસે કોઈ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. મજકુર પંચોની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમ છતા તેવી ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. આમ, ઉપરોકત પંચસાહેદના પુરાવાથી તેઓની હાજરીમા આ કામના આરોપી પાસેથી કોઈ દેશી દારુનો આથો કબજે કરવામા આવેલ હોય અને તે અંગેનું વિગતવારનુ પંચનામુ તેઓના લખાવ્યા મુજબનુ તૈયાર કરવામા આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯).. સદર કામે ફરિયાદ પક્ષ તરફથી આ કામના ફરિયાદી રાજદિપસિંહ ચંદુભા ગોહીલને આંક–૧૦ થી તથા ત.ક.અ.ડી.બી.લાધવાને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. જેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતના સમર્થનમાં જુબાની આપેલ છે તેમજ આંક –૧૧ થી ફરીયાદ રજુ રાખેલ છે.

(૧૦)..આમ, આ કામે ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાની જોતાં તેઓએ સદરહું ગુનાના કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદ તથા પુરતો પુરાવો જણાય આવતા કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેવી હકીકત પોતાની સરતપાસમાં જણાવેલ છે પરંતુ જે સ્વતંત્ર પંચ સાહેદને સાથે રાખી તપાસ કરનાર અધિકારીએ પંચનામું કરેલ છે તે પંચ સાહેદ પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરીયાદપક્ષથી વિમુખ જાહેર થયેલ છે. આમ, પંચ સાહેદની જુબાનીથી આંક–૮ વાળુ પંચનામું પુરવાર થતું નથી. જેથી પંચ સાહેદની હાજરીમાં આરોપી પાસેથી કહેવાતો દેશી દારૂ બનાવવાનો આથો કબ્જે કરેલ હોય તેવું પુરવાર થતું નથી. આ સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદને હાજર રાખી તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં સ્વતંત્ર સાહેદના સમર્થન વિના એકમાત્ર પોલીસ સાહેદની જુબાનીને આધારે આરોપી સામેનો કેસ પુરવાર થયેલો ગણી શકાય નહી. સદરહું કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ ફરીયાદ પક્ષના હિત ધરાવતા સાહેદ ગણી શકાય તેવા સાહેદ છે, આમ છતાં હાલના કેસમાં જો સ્વતંત્ર પંચ સાહેદોનું ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ હોત તો, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાનીને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાત, પરંતુ આ કામે જયારે સ્વતંત્ર પંચ સાહેદનું ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે એકમાત્ર પોલીસ સાહેદની જુબાનીથી તથા પુરાવાના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષે રજૂ થયેલા પુરાવાના આધારે આરોપી સામેનો આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં. ૧** નો જવાબ ''**નકારાત્મક**'' આપી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– : હુ ક મ : –</u>**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૪૮(૧) હેઠળ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫–એફ. મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ વિત્યા બાદ યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૬/૨૦૨૪
સ્થળ–ભાવનગર.

**(હર્ષ્યા મેહુલ દોશી)**
એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભાવનગર.(જજ કોડ નં.જીજે.૦૧૬૬૧)

*JKA*